૪૦૫૫

મહામારી વર્ણન.

૪૪૫૫

મહામારી વર્ણન.

એટલે,

કોલેરાના ઉપદ્રવનું કરૂણાત્મક ચિત્ર.

પ્રદેશક—દેશકાળ.

કોલેરા કેર કરે છે રે,
પલકમાં પ્રાણ હરે છે રે. } ટેક, રાગ, પરજ.

ઝાડ પાલોને પુષ્કળ પાણી, બાગ બગીચા રાન;
કાઠિયાવાડનું કાશ્મિર બીજું, રૂડું [1]મહુવપુર ગામ—કોલેરા૦ ૧

ગરમી ટાણે ગરમી વધુ નહિ, શીત હવા સુખદાય;
ઉનાળામાં આવી રહે તો, ચિત્ત પ્રફુલ્લિત થાય—કોલેરા૦ ૨

રમ્ય [2]સરીતા શ્રોત્રે અથડાતા, સાગરના ઘુઘવાટ;
બંદર વેપાર [3]સાર વડે બહુ, [4]બ્હાર ભભૂકે આજ—કોલેરા૦ ૩

ભાવનગરના ભૂપતિ કેરો, ભાવ દિસે ભરપૂર;
ગોહીલવાડની લીલી નાઘેર, નાણાંનું પણ નૂર—કોલેરા૦ ૪

હસતુ રમતુ ધંધે ઝળકતુ, શેહેર હતુ આ સાલ;
આવ્યું ઓચીંતુ વાયુ એવામાં, હેરાન કીધું હાલ—કોલેરા૦ ૫

સંવત્ ઓગણીશ છેતાળીશ, વર્ષાઋતુના દિન;
માસ અશાડે પગરણ માંડ્યાં, લોક રૂએ થઈ દીન—કોલેરા૦ ૬

---

૧ મહુવાનું બીજું નામ. ૨ માલણ નદી. ૩ કસ. ૪ ભભકો, શોભા.

અમરેલીથી આવ્યું ઉનાળે, ફાવ્યું ન જેઠ વૈશાક;
ફાવ્યું ચોમાસે વાવ્યું ઉગ્યું શું? વાગે ઘરેઘર હાક—કોલેરા૦ ૭
આખી મોશમનો વર્ષાદ ભળો, એકજ માસ મોઝાર;
[1]એલી મટી નહિ એક દિવસ પણ, ક્યાંથી હોય ઉઘાડ? કોલેરા૦ ૮
સુંદર [2]દિવસ વિલાયતે ઈચ્છે, સ્વચ્છાકાશ કવચીત;
રાજ્ય વિલાયતિએ ઋતુ ફુંટી? ચાહે તડકો ચિત્ત—કોલેરા૦ ૯
અંધારે અંગ ઢાંકી દિશાઓ, ઝાંખી રડતી જણાય;
ધુમાડ્ય ને વર્ષાદ રૂપે શું, ગળગળી થઈ ગળી જાય? કોલેરા૦ ૧૦
શરદી ગંદકી બ્હેનો કરે બે, કોલેરાને સહાય;
[3]વાળ્યું ચોળ્યું વર્ષી બગાડે, કામ ન લાગે ઉપાય—કોલેરા૦ ૧૧

પ્રસાર.

પગરણમાં ધોબીને ઉપાડ્યો, ત્યાંથી થયો આરંભ;
પંડયા ખડપામાંથીજ પ્હેલો, રોપાણો રણસ્થંભ—કોલેરા૦ ૧
જોરમાં ફાટ્યું પ્રાણી ફટોફટ, ફાટી પડે પળમાંય;
ટુંટીએ ત્રોડ્યા ત્રાગ રગોના, ગોઠલિયે ગભરાય—કોલેરા૦ ૨
જુવાનોની ઝપટ બોલાવી, કીધ [4]વીણાઉ ઉપાડ;
નાનાં બાળ પછી આરોગ્યાં, કરડ્યાં કૂણાં હાડ—કોલેરા૦ ૩
ભામિનિયો ને [5]ભુલકાં કેરો, કાઢ્યો કુચ્ચરઘાણ;
ઘરડું લોહી વધુ નવ ભાવ્યું, પંદર વીશ પ્રમાણ—કોલેરા૦ ૪
માંદાં માંદાંને મૂકી દીધાં, સાજાં લીધાં [6]સડેડાટ;
આરોગ્યનો અહંકાર ફીટાડ્યો, વાળ્યો દયાહીણ દાટ—કોલેરા૦ ૫
વજ્રદેહી જે વ્યાધી વગરના, ખાધી દવા ન કદાય;
માથાં પછાડી બેજ પ્રહરમાં, એવાના જીવ જાય—કોલેરા૦ ૬

૧ ગુજરાતીઓ હેલી લખે છે તે. ૨ Fair day. ૩ મ્યુનિસિપાલ તરફનું. ૪ વીણી વીણી ઉપાડો કર્યો. ૫ બાળક. ૬ એકદમ.

ધાવણું બાળક વરસ દિવસનું, ખાવા શીખ્યું ન લગાર;
એવાંને પણ લાગુ પડે ત્યાં, ગુંચવણીજ [1]અપાર—કોલેરા૦ ૭
અમથા ઝાડા થાય તથાપિ, ટાંટીયા ભાગી જાય;
માંદે સાજે કોઈ મરે એનો-એમાં સમાવેશ થાય—કોલેરા૦ ૮
[2]બંધ પ્રમાણે લાગે બધાંને, તોય વિશેષ પ્રકાર;
[3]બળવંત મરણની જાઝી બળતરા, જાણે ઘણાં નરનાર—કોલેરા૦ ૯
પંદર સોળ હજારની વસ્તી, રોજ ટુટે [4]દશબાર;
લાગલાગટ બે માસ સુધી તે–નાનો સૂનો [5]ન વરાડ—કોલેરા૦ ૧૦
આખો દિન એઓ? ના અવાજો, આક્રંદ શબ્દ શુણાય;
કેટલાં મરણ એ પ્રશ્ન મિલાપે? ગજબી દશા દુખદાય—કોલેરા૦ ૧૧
જે ઘર શેરી ઉપર ઉતર્યું, ત્યાં તો મરણીયું થાય;
બે ચાર મરણે પાર ન આવે, [6]પેઢી ઉપડી જાય—કોલેરા૦ ૧૨
સાસુ વહુને ભ્રાત ભગિનિ, જોટે ઘણાં ઝડકાય;
ખાલી રહે તે ઘર ગલી ખાલી, ચેપીનો મહિમાય—કોલેરા૦ ૧૩
પરદેશીનાં પીંડ પડ્યાં ને, રખડ્યાં રમણી બાળ;
[7]જોશી પુર્ણ્કુળ ઝ્હાડ સરીખું, તૂટી પડ્યું તત્કાળ—કોલેરા૦ ૧૪

ભક્ષ સ્થિતિ.

બે ત્રણ ઝાડા એક બે ઉલટી, ત્યાં તન ઠંડુંગાર;
શરદ હવાએ શરદી ઢળે ઝટ, જાઝી ન લાગે વાર—કોલેરા૦ ૧
વૈદ આવીને નાડી ગ્રહે ત્યાં, ભર દરિયે હોય [8]વહાણ;
વખત મળે ન વહાર કર્યાની, થાવા માંડે તાણ—કોલેરા૦ ૨

૧ નિદાનની. ૨ સગપણ. ૩ દ્રવ્યને દરજ્જે બળવાળા અથવા બળવંતરાય શામજીભાઈ નાગર. ૪ કેશતો એથી દુપટ. ૫ હિસાબ. ૬ વંશ. ૭ એક મારવાડી મુસાફર જોશી. ૮ ઈડીયમ છે.

રગો ખેંચાય બેસી જાય ઘાંટો, તીણી ચીસો સંભળાય;
ઝાંખી શ્યામ ભયંકર [1]મુદ્રા, આંખે આંસુ વહ્યાં જાય—કોલેરા૦ ૩
છાતી કૂટે ને શીર પછાડે, મૂખે કરે હાય હાય!
વાત બને ન બળામણ બંધી, ઘડીએ [2]ઘુંટ ભરાય—કોલેરા૦ ૪
મરદ્દી [3]મરદ્દી તન [4]જરદી ઢળે ત્યાં, દરદી [5]કપર્દિ શર્ણ;
[6]વરદી આવ્યા વણ શરદી સપાટે, ભેટે ભયાનક મર્ણ—કોલેરા૦ ૫
જો કદિ ઔષધ જોર કરે તો, ઝાડો વામીટ પિશાબ;
બંધ થઇને પેટ ચડે પછી–થાય માડીને બાપ!—કોલેરા૦ ૬
કોઇને ઝાડો કોઇને ઉલટી, કોઇને શરદી માત્ર;
ચિન્હ ચિકિત્સા મેળ મળે નહિ, ચિત્ર વિચિત્ર કુપાત્ર!-કોલેરા૦ ૭
[7]ધારણ રહેતી લાંબું થતાં પણ–અંતે કર્યો એ ઘાટ;
પંદર દિન પલંગ સેવી લીધી–[8]અમરાપુરની વાટ—કોલેરા૦ ૮
આરંભેજ વિલંબ થતો પણ, અંત્ય ગતિ થઈ શિઘ્ર;
ત્રણ દિન કાં ત્રણ પ્હોરજ પોગે, પીડા પણ થઈ તિવ્ર—કોલેરા૦ ૯
આભડવાનું ઓછું થયું ને, પ્રેત ઉપાડે કોણ?
ગર્ભિણી ગર્ભ શીકે [9]ખડકાણી, ચેહ [10]દાંધાનું જોણ–કોલેરા૦ ૧૦
ખાટલો [11]ખુંદી કોઈક ઉઠ્યાં, આવ્યાં નવે અવતાર;
લોહી ચુસેલાં ખાલી ખોખાં, નૂર ફીક્કાં નિર્ધાર—કોલેરા૦ ૧૧
ખાંડીનો ભાઈબંધી બની રહી, ભાન ન ધર્માધર્મ;
ચાલે સપાટા ત્યાં શું તપાસે, મર્મ સુકર્મ [12]કુકર્મ?—કોલેરા૦ ૧૨

---

૧ ચેહેરો. ૨–૧૧ ગુજરાતી ઈડચમ છે. ૩ પીળી પીળી. ૪ ફીક્કી પીળાશ. ૫ શંકર–રૂદ્ર–ઇશ્વરની સંહાર ઉપાધી. ૬ મુદત. ૭ ધીરજ. ૮ સ્વર્ગ–જુના કવિઓએ હેતે વાપરેલો. ૯ ચિતામાં. ૧૦ પેટ ચીરી ગર્ભ જૂદો કરવો તે. ૧૧ સત્ અસત્ કર્મના હેતુ.

સંબંધીઓની વ્યગ્રતા.

ચાકરી કરનારને પણ ચોંટે, હડકાયું ચેપી દર્દ;
જોવા જનારાં થરરર કંપે, ભાગે મૂછાળા મર્દ!—કોલેરા૦ ૧
કૈંકે બાળી આવી મશાણથી, તાળાં [૧]ઠઠાડ્યાં તર્ત!
પરગામ નાઠા ટાણું ચુકીને, જીવ સટોસટ સર્ત—કોલેરા૦ ૨
રોવું ને કુટવું ખરખરો પ્યારો-પ્યારો કર્યો નિજ પ્રાણ;
મરણની [૨]મોંઘપ દીધી મટાડી, પાપીએ પાડ્યું ભંગાણ!—કોલેરા૦ ૩
દાડાને ઠામ દાડા રહ્યા પણ-કદિ ન કોઈ કસૂર;
ક્ષણભંગુરનાં કાળજ્યાં ધડકે, આવે, કોની મગદૂર?—કોલેરા૦ ૪
ડોસા રહ્યા ને દીકરા ચાલ્યા, ડોશી આગળ [૩]દુહિતાય;
[૪]સાસુ સડે ને વહુ વળી નીકળે, ફેર ઉંધો વરતાય—કોલેરા૦ ૫
કાલે મળ્યાં એનો મેળ નહીં કંઈ, હાલ મળ્યાં તે સત્ય!
કાલવાળાંને કાળે ખાધાં, એવી અજાયબ [૫]ગત્ય—કોલેરા૦ ૬
સારા ખબરની આશા નહિ નિત્ય-ચિંતન ચિત્ત અશૂભ;
પીંડ ક્ષણીક પાણી પરપોટો, જાણ્યા છતાં તાજુબ—કોલેરા૦ ૭
કોને પકડશે કોને નહિ એ- વાત નહીં નિશ્ચીત;
આઠ પહોરની એજ ઉપાધી, [૬]વેળા મહા વિપરીત—કોલેરા૦ ૮
ચાલે બમણી વાત વિદેશે, શુણી સગાં ગભરાય;
તેડાવ્યાની તાણ લખે બહુ, બીજો કરેશું ઉપાય?—કોલેરા૦ ૯

અનિર્દેશ્ય મસ્તી.

[૭]પંચાનન વનમાંહિ તડૂકે, વાઘ વળુંધે જેમ;
કાળો મણીધર મારે ફુંફાટા, [૮]અડપ્યો કોલેરા એમ—કોલેરા૦ ૪૭

૧ દીધાં ઘરને. ૨ મોંઘાઈ રૂઢી પ્રિય વાક્ય. ૩ દીકરી પણ. ૪ ઈચ્છમ. ૫ ગતિ. ૬ આપત્કાળ. ૭ સિંહ. ૮ મંડ્યો.

શેરીએ શેરીએ કાઢે હડી, હડ-ફેટે ચડ્યો તેને ખાય;
વકર્યો વાઘ શિકાર કરે તે, કેમ કર્યો ન ધરાય!—કોલેરા૦ ૨

ખાધા પીધાના દોષ કઢાતા, પણ ન રહ્યો પછી મેળ;
વગર નિમિત્તે જઈ વળગે ઝટ, નાત કરી શેળભેળ!—કોલેરા૦ ૩

વાયુ ઘેરાણો બીજક વેર્યાં, વંશ વધારો કીધ;
નાખ્યો પથારો નિવાસ કરીને, [1]લ્હાવ લાખેણો લીધ!—કોલેરા૦ ૪

નામ કોગળીયું વામીટ કેરે-કોગળે આવે કાળ;
માર મહામારીનો મોટો, કોઈ નહીં રખવાળ—કોલેરા૦ ૫

નારિજાતિ મહામારી કુરી, કોલેરા [2]નર ભૂપ;
વાયુ કોગળીયું ટુંટીયું નાન્યેતર એમ ત્રિવિધ સ્વરૂપ!—કોલેરા૦ ૬

ભુંડો ભુંડું ને ભુંડીની નહિ-જાતને ભાત જણાય;
શીંગ માથુંને પુંછનો મેળ ન, કેવી રીતે પકડાય!કોલેરા૦ ૭

બે દિન બંધ ત્યાં શાંતિ વદે જન, પાછું એમનું એમ;
દેખી કુતૂહળ દીલ નિરાશા, રાખે હરી હેમખેમ—કોલેરા૦ ૮

આજ કે કાલ મટે એમ આશા-આઘી આઘી કેજાય;
શાંતિ સમાચાર પત્રે ચડે ને, જાઠા પડતા જાય!—કોલેરા૦ ૯

રંગીત પાઘડિયો ઉતરાવી, ધોળાં બાંધે તમામ;
એમ પરાણે પ્રણામ કરાવ્યો, મેલાવ્યો અભિમાન!—કોલેરા૦ ૧૦

મૂછો મુંડાવી મર્દ મટ્યા શું, [3]મૂછ નીચી કરવાજ!
તોય કોલેરા દૈત્ય રીઝે નહિ, ચક્રવર્ત્તિ કરે રાજ્ય—કોલેરા૦ ૧૧

બંધ [4]નિશાળો બંધ કચેરી, કોના ચુકાવે કેશ?
કેશ કોલેરા દૈત્યનો ચાલે, મ્હાલે મોત નરેશ!—કોલેરા૦ ૧૨

---

૧ રૂઢી પ્રિય વાક્ય. ૨ અસુર કલ્પ્યો તેથી નર, નહીં તો નાન્યેતર રૂઢ છે. ૩ નમ્રતાની નિશાની. ૪ ઉપરીના હુકમે પંદર દહાડાની રજા પાડી.

રક્ષાવૃત્તિ વૈકલ્ય.

ડાકતર દોડાદોડ કરે પણ—દેશી વૈદો જૂજ;
ધીરા ધીરજ[1]રામની રોજી—જાગી, બુઝાણી બૂઝ—કોલેરા૦ ૧

ઘેર લોબાન ને ગંધક ગલીએ, ગજવે ગોટી કપૂર;
આતુર મર ચતુરાઈ ચલાવે, તોય ઉપાડે [2]હજૂર—કોલેરા૦ ૨

ગંધક ધુમ્ર ને લોબાન બાળે, ધૂપ સુગંધી થાય;
તોય કોલેરા દૈત્ય રીઝે નહિ, જોઇ ભર્યાં ઉભરાય—કોલેરા૦ ૩

ધોળ [3]કર્યાના ઢોલ પીટાણા, તોય કર્યાં નહિ ધોળ;
ચૂનાનો ગુણ ગંડુ ન જાણે, ખોટા કરે સૌ ખોળ્ય—કોલેરા૦ ૪

ટેલીયા ભટની નીકળી ટેલો, નૈવેદનો પ્રતિબોધ;
ખીર વડાં ને લાપશી લોભે, દેવી બને [4]અવિરોધ—કોલેરા૦ ૫

દિવ્ય ગુણો વણ દેવી [5]ઉપાધી, શબ્દ વિરોધી એલ;
મૂર્ખ મગજની કલ્પના ગાંડી, ક્યાંથી મેળવવો મેળ—કોલેરા૦ ૬

હવન કરીને હિંદુ સમાજે, સંતોષ્યા ભૂદેવ;
દેવ બિચારા પંચ [6]ભૂતાત્મક, લાડુ ગળ્યાનીજ ટેવ—કોલેરા૦ ૭

શ્રીફળ શીરને સાટે સમર્પ્યાં, દેવી પામી બળીદાન;
દાન લીધાં પણ દુઃખ ન લીધાં, વરવણ જોડી [7]જાન—કોલેરા૦ ૮

વાઘેશ્વરીને સોનીએ સાધી, લોક કરેછે વાત;
માત્ર એનીજ જમાત બચાવે, એમ રૂદે રળીઆત—કોલેરા૦ ૯

ધૂપે ભભકતા પઢતા કલામો નીકળ્યા મુસલમાન;
ઉભી બજારે ખુદાને બોલાવ્યો, ખુદા બચાવે જાન—કોલેરા૦ ૧૦

પરગામનું કોઈ ફરકે ન પ્રાણી, ક્યાંથી ખપે માલથાલ;
પડવા આવે કોણ દેખી પેખીને—બળતી હુતાશન ઝાળ—કોલેરા૦ ૧૧

---

૧ ધીરજમાં રમનાર સંતોષી કે ધીરજરામ કરૂણાશંકર. ૨ ઇશ્વર. ૩ દરબારથી. ૪ પ્રસન્ન. ૫ નામ. ૬ ભૌતીક દેહ, દિવ્ય નહિ. ૭ વર હોય તો વહુ આવેજ.

તજ લવિંગ સુંઠને આદૂ-કેરા વધ્યા વેપાર;
લોબાન ગંધકના ઢગ દિસે, દુકાનોની બહાર—કોલેરા૦ ૧૨
સુધરાઇના ઉપરીની ઉપર, આવી ધાડ પ્રસિદ્ધ.
ગંદકીનાં એવેર ગણાવ્યાં, અરજી વિરોધી કીધ—કોલેરા૦ ૧૩

[1]ચાંડાલ તાડન.

ધાયું ગામડું ધસમસીને, સંખ્યાનો ન સુમાર;
ઝાંપડાંનાં ઝુંપડાં સળગાવ્યાં, બાંધીને માર્યા માર—કોલેરા૦ ૭૨
માર ખાધા પણ ખેદ ધરીને, બોલે મૂર્ખ ગમાર;
ઉજડ કરશું અમુક શેરી ઘર, વિરમશું તે વાર—કોલેરા૦ ૨
ભંગી અભાગી મૂરખ રાખે, ખપ્પર કાળ ઉચાટ;
આપ ઉગરવા ટુચકા આદર્યા, એથી વધ્યો ખભળાટ—કોલેરા૦ ૩
અડદ આટાનાં પુતળાં દાટયાં, સોયા લીંબુ સહીત;
ભોળાં બિચારાં ભડકી ઉઠયાં જે, એનું કૃત્ય ખચીત—કોલેરા૦ ૪
કાળી ઢીંગ પુતળાં શીંદુર, ત્રિશુળના આકાર;
ખપ્પર તાદૃષ ગુપચુપ ચૌટે, મૂકી જાય ચમાર—કોલેરા૦ ૫
ગામડામાં ઉધરાત કરીને, ભંગી નવાજ્યા જ્યાંય;
વાત કરે જે ખીલી કે ખટકો, કાંઈ થયું નહિ ત્યાંય—કોલેરા૦ ૬
બીકણ લોકો આપે, બીવાડી-જેજે માગે [1]રખેવાળ;
માગ્યા વિના વળી કોઈ આપી પુર-પ્હેલી બાંધે પાળ—કોલેરા૦ ૭
અધીકારીને ઉધડા લીધા, કેમ શુણે નહિ દાદ;
મારી ચમારને દેશવટો દ્યો, એવો પ્રજા હઠવાદ—કોલેરા૦ ૮

વિવાદ ત્રિપુટી.

તત્રને [2]ભાવિ વળી પુરૂષારથ, ત્રિવિધ વાદ વદાય;
એક કહે જે ચમાર કરેછે, બીજો થાવાનું થાય—કોલેરા૦ ૯૦

---

૧ ચાંડાલ, ચમાર, રખેવાળ, ઝાંપડાં, ભંગીના પર્યાય રાખ્યા છે. ૨ નશીબ.

ટુટીની [1]બુટ્ટી જડે ન જગત્‌માં, આવરદાનો ઉપાય;
(એવી) હિંદુ શ્રદ્ધાને હચહચાવી, ઢીલી કરી પળમાંય—કોલેરા૦ ૨
[2]ત્રીજા કહે બીગાડ હવાનો, ચેપી રોગ પ્રકાર;
ગંદકી ગરમીમાંથી અવતરે, રાખો રૂડા ઉપચાર—કોલેરા૦ ૩
ગંદકી ટીંબા કચરો ગલીમાં, નહોતી સડક સુધરાઈ;
ત્યારે કોલેરા કેમ ન આવ્યું, [3]એની દલીલ લડાઇ—કોલેરા૦ ૪
વૈદ ઘરેઘર આંટા મારે, સ્પરશે અંગ અશુદ્ધ;
કેમ ન વળગે એવું સગોછે, [3]એ વદે [2]ત્રીજા વિરૂદ્ધ—કોલેરા૦ ૫
ભંગી રીસાતાં રસ્તા બગડ્યા, કોણ ઉસરડે નર્ક;
હાથે કરી ઉલટું દુઃખ વહોર્યું, [2]ત્રીજા કરે એમ તર્ક—કોલેરા૦ ૬
આઠ [4]હજાર બહાર જનારમાં, કોઇને કેમ ન થાય;
ભાગેડૂ જેમ ભાલે [5]ભરાણાં, વળી નહિ વૈદ સહાય—કોલેરા૦ ૭
ભાગનારાંની કાણ ભંગાણીન, ગામ મહીંજ મોકાણ;
બાકી રહ્યાં એની કેમ કુંબખ્તી, એજ સચોટ પ્રમાણ—કોલેરા૦ ૮
થોડામાંથી થોડાં વીણતો, થોડાં કરતો જાય;
"લેંઢાને પાયે બેઠી પનોતી," [6]પડતરનાં પસ્તાય—કોલેરા૦ ૯
ખાસો બચાવ ખર્શી નીકળ્યામાં, ગામમાં એનું રાજ્ય;
[3]પેહેલા [2]ત્રીજાને વેહેમ વશંભા, કંઇક [7]નિદાન એમાંજ—કોલેરા ૧૦
વસનાર નાશી જનારને કહેતાં, '[8]લોહ કોઠી શું [9]કાય;
અધવચ થાય તો હાલ થશે શા, આંખમેળા નવ થાય—કોલેરા૦ ૧૧
તોપણ અધવચ એકેક ન બગડ્યો, કેસ એ કેવી નવાઈ;
સાક્ષાત્‌કાર સમાન સાબીતી, [2]ત્રીજા બતાવે ગાઈ—કોલેરા૦ ૧૨

પલાયન.

---

૧ દવા. ૨ પુરૂષાર્થ વાદી. ૩ ભંગીના તંત્રના વેહેમી તથા નશીબવાદી. ૪ બહાર એટલી સંખ્યા નાસી જતી ગણાતી હતી. ૫-૧૦ ઈડ્યમ છે. ૬ પાછળ ગામમાં રહેલાં. ૭ કારણ. ૮ લોઢાની કોઠી. ૯ કાયા.

શ્રાવણ આવ્યો ધીરૂં પડ્યું નહિ, ધીરજ છોડી છેક;
ગામ તજીને નાસવા માંડ્યું, એકની પાછળ એક—કોલેરા૦ ૯૨
ઉચાળા ભરી દાણાકુણી લઈ, [1]દોદો વાટે ધાય;
ગાડી પચીશ પચાસ વહે નિત્ય, ભુંડો દેખાવ ભળાય—કોલેરા૦ ૨
ગાદલાં ગોદડાં ગાડે ખડક્યાં, મોર [2]મહીષી ગાય!
કેડે બેસાડ્યાં બાળ, બિએ જે-હાય ખાધાં કે ખાય!—કોલેરા૦ ૩
ભાગો ભાગો એમ થાય ભલામણ, જાણે ઝડકી જાય;
પાંચની પાછળ પંદર ચાલે, દેખાદેખી બહુ થાય—કોલેરા૦ ૪
મારે ભંગી એ ભ્રાંતિ ઘણાંને, સજ્જડ ચોંટી ચિત્ત;
બીરૂ બનીને ભાગી છુટ્યાં એ, [3]બાળગોપાળ સહીત!—કોલેરા૦ ૫
[4]બહારવાળાથી પકડાવાની, બીક વળી તે સાથ;
ઘરબાર વેપાર ધંધો ત્યાગી, ગામડે કીધો વાસ!—કોલેરા૦ ૬
કાપડિયા ફડિયા સૂખડિયા, નાઠા દર્જી દુકાન;
ઉભી બજારે [5]કાગડા ઉડે, જાગતું માત્ર મશાણ!—કોલેરા૦ ૭
રજા મંગાવી અમલદાર નાઠા, દરબાર ગઢ શુન્યકાર;
જેને તેને ચારજ સોંપ્યા, વસ્તી વિના [6]ભેંકાર—કોલેરા૦ ૮
ગામડિયાએ સંપ કરીને, બંધ કરેલાં દ્વાર;
એદ તજીને ખુલ્લાં મૂક્યાં, લાજવડે લાચાર—કોલેરા૦ ૯
ગામડે હાલ બેહાલ ઘણાંનાં, સગવડ સૌને ન્હોય;
દુઃખ ખમે પણ [7]ગેહ ગમે નહિ, પાછું ન ફરકે કોય!—કોલેરા૦ ૧૦
સગપણમાં જઈ [8]ધામા નાખ્યા, ચહાય કે ન ચહાય;
મમાન સો સો મોટે ઘરે એવી-વાતો વિદેશે થાય!—કોલેરા૦ ૧૧

૧જુના કવિઓએ વાપરેલો. ૨. આગળ ભેંશ. ૩-૫ ઈડ્યમ. ૪ ભંગીઆ. ૬ ભયંકાર. ૭ ઘર. ૮ પડાવ.

¹પશ્ચાદવલોકન.

વાટ બજારો ઉજડ આખી, ઉજડ ચોરા ચોક;
દીસે ખરાબ દેખાવે ખાલી-બારી જાળીને ²ગોખ—કોલેરા૦ ૧૦૩
અર્ધું જોઝરૂં ગામ ગયું ને, પાછળ ખાવા ધાય!
જોતી જણસ ન જડે છતે નાણે, રહેનારાએ રીબાય—કોલેરા૦ ૨
³ધોબી નાહા વસ્ત્ર ધુએ કોણ? પાછળ પૂરા ભોગ;
ભોગ ભોગવવા સાંભરે શાના, રોગતણા દીલ ⁴શોગ—કોલેરા૦ ૩
રાજ મરણથી ચાર છ દહાડા, ધંધે બંધી પળાય;
આજ હત્યારા કોલેરાની, લાંબી પડી હડતાળ!—કોલેરા૦ ૪
ઘરડાં બુઢ્ઢાં અબળા ન ખપની, એવી વસ્તી અસાર;
જાફરાવાદ કે દીવ શું આતે, મર્દો જતાં ⁵જંગબાર! —કોલેરા૦ ૫
નવરાના કેમ દિવસ વીતે? સુણે કથા ધરી પ્યાર;
સોગઠાં બાજી કુટે ગંજીફો, નિરૂદ્યમી નરનાર—કોલેરા૦ ૬
ચોમાસાના દિવસ સપરમા, અષ્ટમી આદિ પર્વ;
પર્વ તણા પણ ગર્વ ગયા ગળી, ઝાંખાં જણાતાં સર્વ!—કોલેરા૦ ૭
સાતમ શીળું જમ્યાનો શીરસ્તો, સ્ત્રીઓ તજે ન તદન;
શીળીમાતા આજ ક્યાં જઈ સંતાણાં, ⁶આરોગ્યાં ઉનાં અન્ન-કોલેરા૦
આરાવારા પણ ⁷આરા નદીના, ખાલી આજ તમામ;
પિતૃ રહ્યાં તરશાં ટળવળતાં, પુત્રો જતાં પરગામ!—કોલેરા૦ ૯
આવ્યો ⁸અપર પણ ખપ્પરનો ડર, મોલ ઉગેલા જોઇ;
અંજળ હશે તે નવું અન્ન ખાશે, એમ કહે સૌ કોઈ—કોલેરા૦ ૧૦

---

૧ પછવાડાનો દેખાવ. ૨ નહીં તો ત્યાં સ્ત્રીઓ-છોકરાં હોય. ૩ કોઇક રહ્યા હતા. ૪ શોક. ૫ જાંઝીબાર, મોઝાંબીક ત્યાંના પુરુષો ધંધા અર્થે જાય છે. ૬ વળી કોઇકે ટાઢું પણ ખાધેલું. ૭ ઓવારા. ૮ ૧૯૪૬ નો પુરષોતમ માસ.

છાણાં બાકડાં મોંઘાં થયાં ને, મોંઘાં પોગાડનાર;
ધંધો મશાણનો ઠીક ધીકે પણ, કોણ કરે દરકાર ?—કોલેરા૦ ૧૧

વરિતે પાર વગરની જણાતી, નદિતટ સાંજ સવાર;
છૂટાં છવાયાં કોક ધુએ આજ, ભાગ્યશાળી જીવનાર !—કોલેરા૦ ૧૨

ઉજડ ગામ, ને ઓઓ અવાજો, ધંધા વગરનું ધ્યાન;
ઉરે ઊકૂડકા, વાદળિયો દિન, પાંચે ભળાં [1]પ્રમાણ—કોલેરા૦ ૧૩

ગામ ખાલી ને રેઢાં ઘર ઘણાં, ચોરી થવાનો *ભોજ;
પ્રાણ વહાલો કે વહાલો પદારથ, લૂટવા આવે કોણ ?—કોલેરા૦ ૧૪

અમરેલીમાં આવ્યું હતું પણ, ગામ ન ખાલી થયેલ;
ઉજડ થવાની આવી રીતે, આજ અહીં થઈ પહેલ—કોલેરા૦ ૧૫

કેર કપાથી કેરો થયેલો, ગામ તળાજા માંય;
અસલી વાતો એવી ઉચ્ચરે, સંકટ સરખાવાય—કોલેરા૦ ૧૬

[2]ટોપી [3]ટીલું ને ટુંટીયું એ ત્રણ, આવ્યાં અહીં સંગાત;
[4]સંસ્કૃત વૈદક ગ્રંથ જોયા વણ, ચાલે ગપાષ્ટક વાત—કોલેરા૦ ૧૭

ઘરડાં માણસ વાત કરે છે, જૂનો ખોળી ઇતિહાસ;
સકા સુધીમાં સામટો આવો, કદિ ન થયેલ [5]વિનાશ—કોલેરા૦ ૧૮

ઉંડી ઉંડી ચિંતાજ જિગરમાં, ન મળે નિરાંત ઉમંગ;
રાગ વિરાગ વિચાર સ્ફુરે નહિ, ભુંડાં દિસે મન ભંગ !—કોલેરા૦ ૧૯

કામ વૃત્તિ કે રામ વૃત્તિ નહીં, નહિ ઉંઘ નહિ આરામ;
આળસનેજ ઉદાસી વધી ગઈ, જીવતે મૂઆં તમામ—કોલેરા૦ ૨૦

ઉપસંહાર.

ક્યાંથી જન્મ ને કેમ શમે એ-કોથી થયું નથી સિદ્ધ;
ત્રિવિધ વાદે કિયો બલવત્તર, સહજ ઇસારો કીધ—કોલેરા૦ ૧

૧ સાર્થક. *ભો-ભય. ૨ અંગ્રેજો. ૩ સ્વામી નારાયણ પંથ. ૪ મહામારી રોગ લખ્યો છે. ૫ મહુવામાં.

તંત્ર ચમારના વેહેમ ભરેલા, ઘેલા [1]નિરૂપે કાળ;
ભાવિવાદિએ પુરૂષપ્રયત્ને, બનતી સર્વી સંભાળ—કોલેરા૦ ૨
સંભાળવું એ સહજ સ્વભાવિક, નિર્ણીત સિદ્ધ પ્રત્યક્ષ;
ભાવિ બિચારૂં ભાળ્યા વિનાનું, મન વાળ્યાનુંજ લક્ષ્ય—કોલેરા૦ ૩
શું શું ધલાજો ઘવા એ માટે, એ ન વિષય ન પ્રસંગ;
સમજુ હોય તે સાનમાં સમજે, અંગ અંગી સંબંધ—કોલેરા૦ ૪
ઘાતક શૂરા ન મારે કવીને, વર્ણવવાજ વૃત્તાંત;
મલી દીધો મને એમ આ દૈત્યે, આળેખવા કલ્પાંત;—કોલેરા૦ ૫
સંવત્ નવ દશ છેંતાળીશે, વીત્યો શ્રાવણ માસ;
પૂર્ણ કર્યો પદબંધ પરજ આ, શુકરવાર અમાંસ—કોલેરા૦ ૬
વર્ણન ધર્મ યથાર્થ નિરૂપણ, તદ્રૂપતાજ [2]સુચિત્ર;
ચિત્રે ચૂક જુઓ તો ક્ષમાપન, કરશો [3]સહૃદય મિત્ર—કોલેરા૦ ૭
રસ વિવેચક પ્રેમ [5]પ્રસાદે, કાવ્ય રસે ચિત્ત ચાહ;
મરંદ મિત્રમાં માન્ય મતીએ, [7]મધુકર ઉર ઉત્સાહ—કોલેરા૦ ૮—૧૩૦

સમાપ્ત.

---

૧ પ્રાણ વિનિમયાદિ નવીનતા કથે છે, તોય હજી જમાનો પ્રાયશઃ એ કલ્પનાને ઘેલછાજ કહે છે. ૨ હોય એવુંજ ખડું કરવું તે સારૂં ચિત્ર—યથાર્થ ચિત્ર કહેવાય. ૩ રસજ્ઞ. ૪ હાલના પરિક્ષકો. ૫ કૃપાએ. ૬ પુષ્પ મધુ-રસ. ૭ ભ્રમર અથવા આ ચિત્રકારની કલ્પિત ઉપાધી.

જાહેર ખબર.

સુબોધ ચિંતામણી	... ...	૧—૦—૦
દૃષ્ટાંત ચિંતામણી	... ...	૦—૧૨—૦
માહેશ્વર વિરહ	... ...	૦—૩—૦
મહામારી વર્ણન	... ...	૦—૧—૬

શેઠ વલ્લભદાસ પોપટ.

મહુવાબંદર—કાઠિયાવાડ.

અમદાવાદમાં

મામાની હવેલી મધ્યે યુનાઇટેડ પ્રિન્ટિંગ અને જનરલ એજન્સી કંપની "લિમિટેડ"ના પ્રેસમાં રણછોડલાલ ગંગારામે છાપી પ્રગટ કર્યું.